

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા.
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા.

વડોદરા



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ અંક : ૪ * * * સંવત ૨૦૮૨ ભાદરવા વદ દશમ, સોમવાર ૫ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૫.૦૦

ભારતીય ફાર્મા કંપની રશિયન હુમલાનો ભોગ બની, 1નું મોત



યુક્રેનના સુમી શહેરમાં આવેલ કુસુમ ગ્રુપનો ફાર્મા પ્લાન્ટ રશિયન ડ્રોન હુમલાની અડફેટે આવી ગયો, બિલ્ડિંગ નષ્ટ

કિવ પહોંચેલા જર્મન વડા ફ્રિડરિક મર્ઝે યુક્રેન માટે 1.3 અબજ યુરોનું નવું સહાય પેકેજ જાહેર કર્યું

કિવ, તા. 4: યુક્રેન પર રશિયાના હુમલામાં એક ભારતીય કંપનીની માલિકીનો પ્લાન્ટ પણ અડફેટે આવી ગયો છે. ભારતના કુસુમ ગ્રુપનો એક વિશાળ ફાર્મા પ્લાન્ટ રશિયન ડ્રોન હુમલાની ચપેટમાં આવ્યો છે, જેમાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે અને અનેક લોકો ઘાયલ થયા છે.

યુક્રેનના સુમી સ્થિત આ ફાર્મા પ્લાન્ટની મુખ્ય ઈમારત મોટાભાગે નષ્ટ થઈ ગઈ છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, મૃતકો અને ઘાયલોની સંખ્યામાં ફેરફાર થઈ શકે છે. હુમલાના દ્રશ્યોમાં ડ્રોન જ્યાં ત્રાટક્યા તે વિસ્તારમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોવા મળ્યા હતા. કુસુમ ગ્રુપની શરૂઆત ૧૯૯૪માં યુક્રેનમાં ભારતીય દવાઓ નિકાસ કરતી વિતરક કંપની તરીકે થઈ હતી. હાલમાં તે ભારતીય નાગરિક રાજીવ ગુપ્તા દ્વારા ચલાવવામાં આવે છે. ૨૦૦૨માં, કંપનીએ અન્ય કંપનીઓના ઉત્પાદનોનું વિતરણ કરવાનું બંધ કર્યું અને પોતાની જ બ્રાન્ડ્સનું માર્કેટિંગ શરૂ કર્યું. ત્યારબાદ તેણે ઉત્પાદન ક્ષેત્રે કદમ મૂક્યા, જેમાં ૨૦૦૭માં ભારતમાં અને ૨૦૦૯માં યુક્રેનના સુમીમાં પ્લાન્ટ શરૂ કર્યા. યુક્રેનના પ્રમુખ વોલોદોમિર ઝેલેન્સ્કીએ 'X' પર એક પોસ્ટમાં આ રશિયન હુમલાની સખત નિંદા કરી હતી અને મૃતકના પરિવારજનો તેમજ સ્નેહીજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

દરમિયાન, જર્મન ચાન્સલર ફ્રિડરિક મર્ઝે રવિવારે કીવની

...અનુસંધાન પાના 2 પર

યુક્રેનના પુલોને નિશાન બનાવવાનું રશિયાએ ચાલુ રાખ્યું

રવિવારે સવારે કિવ નજીકની ડીનિપ્રો નદી પરના નોર્ધન બ્રીજ પર ડ્રોન ત્રાટક્યું, બેને ઇજા

આ જ સપ્તાહમાં થયેલા હુમલાઓને કારણે કિવના છ બ્રિજમાંથી ત્રણ બંધ કરવાની ફરજ પડી છે





કિવ, તા. 4 (AP): રવિવારની સવારે રશિયન હુમલાઓ ચાલુ રહ્યા હતા, જેમાં એક ડ્રોન ડીનિપ્રો નદી પર આવેલા કિવના નોર્ધન બ્રિજ સાથે ફરીથી અથડાયું હતું, તેમ ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં વાહનો પસાર થઈ રહ્યા હતા ત્યારે ડ્રોન પુલ તરફ ઊડતું અને ધમાકો થતો જોવા મળ્યો હતો. કિવના મેયર વિટાલી ક્લિટ્સ્કોએ જણાવ્યું હતું કે આ હુમલામાં બે લોકો ઘવાયા હતા.

આ નવો હુમલો એવા સમયે થયો છે જ્યારે આ જ સપ્તાહના પ્રારંભમાં રશિયન હુમલાઓને કારણે ડીનિપ્રો નદી પરના કિવના છ રોડ બ્રિજમાંથી ત્રણ સંપૂર્ણ કે આંશિક રીતે બંધ કરવાની ફરજ પડી હતી. આનાથી ટ્રાફિક સ્થગિત થઈ ગયો હતો અને ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી, જે યુક્રેનની રાજધાનીમાં જનજીવન અસ્તવ્યસ્ત કરવાના મોસ્કોના તાજેતરના પ્રયાસનો એક ભાગ છે. અગાઉ રશિયાએ અન્ય ટાર્ગેટ્સ ઉપરાંત એપાર્ટમેન્ટ બ્લોક્સ, સુપરમાર્કેટ ગોડાઉનો, ગેસ સ્ટેશનો અને ડેટા સેન્ટરો પર હુમલા કર્યા છે.

સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું કે રવિવારે યુક્રેનના સુમી શહેર પર રશિયાના હવાઈ બોમ્બ હુમલામાં એક વ્યક્તિનું મોત થયું હતું અને 16 લોકો ઘવાયા હતા. શનિવારે પ્રકાશિત થયેલા રોઇટર્સ સાથેના ઇન્ટરવ્યુમાં ઝેલેન્સ્કીની એ ટિપ્પણી કે યુક્રેન રશિયન ઓઇલ રિફાઇનરીઓ પર તેના હુમલા તીવ્ર બનાવશે, તેના જવાબમાં રશિયાના સંરક્ષણ મંત્રાલયે રવિવારે જણાવ્યું હતું કે તે કિવ અને યુક્રેનના અન્ય વિસ્તારોમાં સૈન્ય અને સૈન્ય-ઔદ્યોગિક સુવિધાઓ તેમજ સંબંધિત ઇન્ફ્રાસ્ટ્રક્ચર સામે તેના હુમલા વધુ તીવ્ર બનાવશે.

નેતાન્યાહુએ કેપ્ટન સ્મિત મચ્છરને સમગ્ર વિશ્વનો હીરો ગણાવ્યો

ઇઝરાયેલના વડાપ્રધાને સારવાર લઇ રહેલા કેપ્ટન સ્મિત મચ્છર સાથે ફોન પર વાત કરી

સ્મિત અને મોદીને ઇઝરાયેલના આગામી સ્વાતંત્ર્ય દિને જ્યોત પ્રગટાવવા આવવા નેતાન્યાહુનું નિમંત્રણ

દુબઈ, તા. 4 (PTI): ઈઝરાયેલ તરફ જઈ રહેલા વિમાનને ક્રેશ કરવાનો સહ-પાઈલટનો કથિત પ્રયાસ નિષ્ફળ બનાવવા બદલ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ભારતીય પાઈલટ સ્મિત મચ્છર સાથે ફોન પર વાત કરી હતી અને તેમને સમગ્ર વિશ્વના હીરો ગણાવ્યો હતો.

બુધવારે દુબઈથી તેલઅવીવ જઈ રહેલી 'ફ્લાયદુબઈ'ની ફ્લાઇટ FZ1073 કોકપિટમાં કેપ્ટન મચ્છર પર તેમના સહ-પાઈલટે હુમલો કરીને તેમને ગંભીર રીતે ઘાયલ કર્યા હતા. નેતન્યાહૂએ શનિવારે મચ્છર સાથે વાત કરી હતી, જેઓ હાલમાં UAEની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. સ્પીકર પર રખાયેલા ફોન પર થયેલી આ વાતચીતનો વિડીયો ક્લિપ સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યો હતો.

આ વાતચીત દરમિયાન, નેતન્યાહૂએ પાઈલટ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઈઝરાયેલના સ્વતંત્રતા દિવસ પર જ્યોત પ્રગટાવવા માટે પણ આમંત્રણ આપ્યું હતું. 38 વર્ષીય મચ્છર સાથે વાતચીત દરમિયાન નેતન્યાહૂએ કહ્યું, અમે અમારા સ્વતંત્રતા દિવસે જે સન્માન આપીએ છીએ તે અમારું સર્વોચ્ચ સન્માન છે. આ સન્માન સામાન્ય રીતે ઈઝરાયેલના નાગરિકો માટે અનામત હોય છે, પરંતુ મને લાગે છે કે આ કિસ્સામાં,

...અનુસંધાન પાના 2 પર

CEC વિરુદ્ધ મુંબઈમાં ઠાકરે બંધુઓની વિશાળ કૂચ, સભા

વિરોધ કૂચમાં શિવસેના(યુબીટી), મનસેના હજારો ટેકેદારો જોડાયા: વિરોધ સભામાં કોંગ્રેસ, એનસીપી નેતાઓ પણ હાજર

ઉદ્ધવે જ્ઞાનેશ કુમારને ભાજપનું શસ્ત્ર ગણાવ્યા, રાજ ઠાકરેએ મહારાષ્ટ્રની એસઆઇઆર રદ કરવાની માગ કરી



મુંબઈ, તા. 4 (PTI): મહારાષ્ટ્રના મતદાર યાદીના ખાસ સઘન સુધારણા(SIR) કાર્યક્રમને રદ કરવાની મનસે(MNS)ના નેતા રાજ ઠાકરેએ માંગ કરી હતી, ત્યારે શિવ સેના(યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ રવિવારે મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમાર પર શાસક ભાજપના શસ્ત્ર તરીકે કામ કરવાનો આક્ષેપ કર્યો હતો.

સીઈસી(CEC) સામે મુંબઈમાં ઠાકરે બંધુઓના નેતૃત્વમાં યોજાયેલા વિરોધ માર્ચમાં હજારો લોકો જોડાયા હતા, જે બાદમાં એક સભામાં ફેરવાઈ હતી. આ સભામાં કોંગ્રેસના નેતાઓ બાળાસાહેબ થોરાત અને વિજય વડેટ્ટીવાર તેમજ શરદ પવાર જૂથની એનસીપી(NCP-SP)ના જયંત પાટીલ, શશિકાંત શિંદે, જિતેન્દ્ર આવ્હાડ અને અનિલ દેશમુખે પણ ભાગ લીધો હતો. આ માર્ચ મેટ્રો સિનેમાથી શરૂ થઈને દક્ષિણ મુંબઈ સ્થિત બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન(BMC)ના મુખ્યાલય સુધીના ટૂંકા અંતર સુધી યોજાઈ હતી.

પ્રદર્શનકારીઓને સમર્થન આપતા કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપ્કે, જેમણે શુક્રવારે મુંબઈમાં સીઈસી સામે 'જેલ ભરો આંદોલન' કર્યું હતું, તેમણે જણાવ્યું હતું કે નિષ્પક્ષ અને મુક્ત ચૂંટણીઓ માટે શહેર ફરી એકવાર રસ્તાઓ પર ઉતરી આવ્યું છે. 'વિરાટ ગર્જના મોરચા' નામ આપવામાં આવેલા આ આંદોલનના સહભાગીઓએ એસઆઈઆર પ્રક્રિયામાં કથિત ગેરરીતિઓને લઈને સીઈસી જ્ઞાનેશ કુમારને હટાવવાની અથવા તેમના રાજીનામાની માંગ કરી હતી. મોરચામાં કોઈપણ પક્ષના ઝંડા રાખવાની મંજૂરી નહોતી અને સહભાગીઓને માત્ર રાષ્ટ્રધ્વજ સાથે રાખવા કહેવામાં આવ્યું હતું.

ફ્લાયદુબઇ ફ્લાઇટને સલામત ઉતરાનારા બે પાયલોટ અંગે રહસ્ય ઘેરાયું



આ બંને એક્સ્ટ્રા પાયલોટો વિમાનમાં જ બેઠા હતા પરંતુ લોકો સાથે તેમની કોઇ વાતચીત થઇ ન હતી, હજુ તેમની ઓળખ જાહેર નથી થઇ

અચાનક તેમણે વિમાનનો કન્ટ્રોલ સંભાળ્યો તેથી કેટલાકને શંકા પણ ગઇ, કેટલાકે વિચાર્યું કે આ બંને વિમાનને ઇરાન તો નહીં લઇ જાય ને?

જેરૂસલેમ, તા. 4 : મોટી હોનારત તરફ ધકેલાઇ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટનું સલામત ઉતરાણ કરાવનારા બે પાયલોટો અંગે ભારે રહસ્ય અને શંકાઓ સર્જાઇ હતી.

...અનુસંધાન પાના 2 પર

ફ્લાયદુબઇના હુમલાખોર કો-પાયલોટના બેકગ્રાઉન્ડની અનેક દેશો તપાસ કરી રહ્યા છે

દુબઈ. મીડિયા અહેવાલો મુજબ, ઓમાનના કો-પાયલટના ઓસ્ટ્રેલિયા સાથેના સંબંધો તેમજ તે તેલ અવીવ જતી 'ફ્લાયદુબઈ' ફ્લાઇટના ક્રૂનો સભ્ય કેવી રીતે બન્યો, તે અંગે ઓસ્ટ્રેલિયા અને ઈઝરાયેલના અધિકારીઓ તપાસ કરી રહ્યા છે, જ્યારે યુએઈની આગેવાની હેઠળની તપાસ ટીમો તેના હેતુઓ અને સંપર્કોની વિગતો મેળવી રહી છે. ઓસ્ટ્રેલિયન ફેડરલ પોલિસે જણાવ્યું હતું કે એક આતંકવાદ વિરોધી ટીમ આ શખ્સના ઓસ્ટ્રેલિયા સાથેના સંબંધોની તપાસ કરી રહી છે, તેમ ઓસ્ટ્રેલિયન બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન(ABC)એ રવિવારે અહેવાલ આપ્યો હતો. ઓસ્ટ્રેલિયન ફેડરલ પોલિસે ABC અને BBCને જણાવ્યું કે, ઓસ્ટ્રેલિયન ફેડરલ પોલિસ, વિક્ટોરિયા પોલિસ અને ઓસ્ટ્રેલિયન સિક્યુરિટી

...અનુસંધાન પાના 2 પર

CECના સસ્પેન્શન સંપંધી અરજી પર આજે સુપ્રીમમાં સુનાવણી

નવી દિલ્હી, તા. 4 (PTI): સુપ્રીમ કોર્ટ સોમવારે મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમારને સસ્પેન્ડ કરવાની માંગ કરતી અરજીઓ અને અન્ય બે ચૂંટણી કમિશનરોની મંજૂરી વિના કથિત રીતે નિર્ણયો લેનાર ચૂંટણી પંચની કામ કરવાની રીતને પડકારતી

...અનુસંધાન પાના 2 પર

રાજ્યસભા માટે બંગાળમાં TMCમાંથી આવેલા રૂક્મિણી મલિક ભાજપના ઉમેદવાર

રાજ્યસભાની ચૂંટણી માટે ભાજપ દ્વારા ઉત્તરાખંડથી દિનેશ આર્યાના નામની પસંદગી કરવામાં આવી

નવી દિલ્હી, તા. 4 (PTI): ભાજપે રવિવારે રાજ્યસભાની ચૂંટણી માટે તેના ઉમેદવારોના નામ જાહેર કર્યા, જેમાં પશ્ચિમ બંગાળથી રૂક્મિણી મલિક અને ઉત્તરાખંડથી દિનેશ આર્યાને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. પક્ષે જણાવ્યું કે, ઉમેદવારોના નામોને ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને પશ્ચિમ બંગાળની 12 રાજ્યસભા બેઠકો માટે 16 ઓક્ટોબરે ચૂંટણી યોજાશે. આ ચૂંટણીઓમાં ઉત્તર પ્રદેશની 10 બેઠકો અને ઉત્તરાખંડની 1 બેઠકનો સમાવેશ થાય છે, જ્યાં વર્તમાન સભ્યોનો કાર્યકાળ 25 નવેમ્બરે પૂરો થાય છે, તેમજ પશ્ચિમ બંગાળની એક બેઠક પરની પેટા-ચૂંટણી પણ સામેલ છે. ઉત્તરાખંડમાં ભાજપના સભ્ય નરેશ બંસલનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે. પશ્ચિમ બંગાળની પેટા-ચૂંટણી રૂક્મિણી મલિકના રાજીનામાને કારણે અનિવાર્ય બની હતી, જેઓ કોયલ મલિક તરીકે લોકપ્રિય છે, જેમણે 16 જુલાઈએ રાજીનામું આપ્યું હતું. અભિનેત્રીમાંથી રાજકારણી બનેલા આ નેતાએ તાજેતરમાં જ ટીએમસી છોડીને ભાજપમાં સામેલ થયા હતા. પશ્ચિમ બંગાળ વિધાનસભામાં ભાજપ પાસે સ્પષ્ટ બહુમતી છે.

જંતર મંતર નજીક પોલીસે જાતીય સતામણી કર્યાનો ત્રણ મહિલા પત્રકારોનો આક્ષેપ

સીઇસી જ્ઞાનેશ કુમાર વિરુદ્ધના દેખાવોનું કવરેજ કરતા હતા ત્યારે બનાવ બન્યો

મહિલા પત્રકારોએ ફરિયાદમાં એસીપી મનોજ ભગતનું પણ નામ આપ્યું, ફરિયાદો ક્રાઇમ બ્રાન્ચને સોંપાઇ

નવી દિલ્હી, તા. 4 (PTI): ૩ ઓક્ટોબરે જંતર મંતર ખાતે મુખ્ય ચૂંટણી આયુક્ત જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ થઈ રહેલા પ્રદર્શન દરમિયાન પોલીસકર્મીઓ દ્વારા જાતીય સતામણી કરવામાં આવી હોવાના આક્ષેપ ત્રણ મહિલા પત્રકારોએ કર્યા છે. આ મામલે રવિવારે એક અધિકારીએ જણાવ્યું હતું કે, દિલ્હી પોલીસે તટસ્થ તપાસ માટે તેમની ફરિયાદો ક્રાઇમ બ્રાન્ચને ટ્રાન્સફર કરી દીધી છે. શનિવારે, આ મહિલા પત્રકારોમાંની એકે પીટીઆઈને

...અનુસંધાન પાના 2 પર

પ્રેસ કાઉન્સિલે આઘાત વ્યક્ત કર્યો: કોંગ્રેસે મોદી, શાહની ઝાટકણી કાઢી

પ્રેસ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાએ પ્રદર્શનનું કવરેજ કરી રહેલા પત્રકારો સાથે પોલીસના આ વર્તન સામે આઘાત અને નારાજગી વ્યક્ત કરી હતી અને દિલ્હી પોલીસને ફરિયાદ પર તુરંત કાર્યવાહી કરવા વિનંતી કરી હતી. કોંગ્રેસે જણાવ્યું હતું કે શાહે આ કેસમાં FIR નોંધાય અને જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું જોઇએ, જ્યારે વડાપ્રધાને મહિલા અનામત કાયદો વહેલી તકે લાગુ થાય તે સુનિશ્ચિત કરવું જોઇએ; અન્યથા, તેમણે રાજીનામું આપવું જોઇએ. કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ જણાવ્યું હતું કે ત્રણ મહિલા પત્રકારોએ જંતર-મંતર પર રિપોર્ટિંગ કરી રહી હતી ત્યારે પોલીસ કર્મચારીઓ પર તેમની જાતીય સતામણી કરવાનો આરોપ લગાવ્યો છે. X પર હિન્દીમાં એક પોસ્ટમાં તેમણે

...અનુસંધાન પાના 2 પર

UAEએ ફ્લાઇટના કર્મચારી, મુસાફરોની યાદી ઇઝરાયેલને આપી હતી

તેલ અવીવ. સંયુક્ત આરબ અમીરાત(યુએઈ)ના સત્તાવાળાઓએ 'ફ્લાયદુબઈ'ની ફ્લાઇટ પહેલાં ઇઝરાયેલને આ ફ્લાઇટના મુસાફરો અને ક્રૂ મેમ્બર્સની યાદી સુપ્રત કરી હતી. આ એ જ ફ્લાઇટ હતી જેમાં એક પાયલટે ઇઝરાયેલ તરફ જઈ રહેલા વિમાન પર નિયંત્રણ મેળવીને તેને ક્રેશ કરવાનો પ્રયાસ કર્યો હતો, તેમ પ્રાદેશિક અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. આ સાથે જ હુમલાખોર સુરક્ષા તપાસમાંથી કેવી રીતે બચી ગયો તેને લઇને નવા પ્રશ્નો ઊભા થયા છે. તપાસ હજુ ચાલુ છે, ત્યારે આ ઘટનાની

...અનુસંધાન પાના 2 પર

વડોદરા શહેરનું હવામાન

તા. ૦૪-૧૦-૨૦૨૬નું

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો	મોસમનો
	0.0 મીમી	૬૬૨ મીમી

તાપમાન	મહત્તમ	લઘુત્તમ	ભેજ
	૩૭.૨ સે.	૨૩.૮ સે.	૪૦%